મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૭ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં લીલી ખારેકના ઢગલે ઢગલા ઠલવાયા

દર વર્ષે વ્રત અને ઉપવાસના મહિનામાં ખારેકની માંગ સૌથી વધારે હોય છે

ચોમાસામાં મળતી આ ખારેકમાં રોગ પ્રતિકારક શકિત વધારવાના ગુણ રહેલા છે

ગાંધીનગર, તા.૨૪

શહેરના બજારોમાં સિઝનેબલ ફળોનું વેચાણ શરૂ થયું છે. ચોમાસુ ફળોમાં કાળા જાંબુ, ચેરી, પીચ જેવા ફળો બાદ હવે તેની સાથે સાથે ખારેકના પણ બજારમાં ઢગલે ઢગલા જોવા મળી રહ્યા છે. દર વર્ષે વ્રત અને ઉપવાસના મહિના એવ અષાઢથી શ્રાવણ માસમાં ખારેકની માંગ વધારે હોય છે.

વર્ષે રોજની ૨ હજાર કિલો લીલી ખારેક નગરના માર્કેટમાં ઠલવાય છે. જે ખારેક શહેરના રહીશો એક દિવસમાં ૧ લાખ રૂપિયાની આરોગી જાય છે. બજારમાં ૭૦ થી ૧૨૦ રૂપિયાની કિલોના ભાવે ખારેક વેચાઈ રહી છે. બજારોમાં લીલી ખારેક ગૌરીવ્રતથી શરૂ થઈને શ્રાવણ માસ સુધી રહે છે. જેમાં સૌથી વધારે શ્રાવણ મહિનામાં ખારેક વેચાય છે. બજારમાં દેશી અને ઈઝરાયેલી ખારેક વેચાઈ રહી છે. જેમાં કચ્છથી આવતી ઈઝરાયેલી ખારેકમાં મીઠાશ હોવાથી તેની માંગ વધારે રહે છે. દેશી ખારેક લાંબી હોય છે જયારે ઈઝરાયેલી ખારેક ગોળાકારની હોય છે. ચોમાસામાં વધારે જોવા મળતી લીલી ખારેકમાં વિટામીન ભરપુર માત્રામાં હોય છે.

ખારેકમાં વિટામીન એ, સી, બી કોમ્પ્લેક્ષ મળે છે. જે અન્ય ફળો કરતાં વધારે માત્રામાં હોય છે તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ખારેક અત્યંત ઉપયોગી છે તે ઉપરાંત ચોમાસામાં થતાં રોગો જેવા કે શરદી, ઉધરસ અને ઈન્ફેકશનથી બચવામાં મદદ કરે છે. બજારોમાં ફળોની લારીઓમાં નજર કરીએ તો લાલ અને પીળી ખારેકના ઢગલે ઢગલા નજરે પડી રહ્યા છે. કુદરત પણ કમાલ છે. સીઝન પ્રમાણે અલગ અલગ ફળો બનાવીને માણસને જાહોજહાલી તો આપી જ દીધી છે. જે વ્યકિતને ખુબ થાક લાગતો હોય, શારીરિક અને માનસિક કામ વધુ રહેતું હોય તેમણે ખારેક ખાવી જોઈએ. આર્યન સિવાય ખારેકથી ઝિન્ક, ફોસ્ફરસ, કોપર, સેલેનિયમનસ, પોટેશિયમ પણ ભરપુર પ્રમાણમાં મળે છે. ખારેકથી વર્ષો જુની કબજિયાત દૂર થાય છે જે કોલેસ્ટ્રોલની માત્રાને નિયંત્રિત કરીને હાર્ટ ડિસીઝનું રિસ્ક ઘટાડે છે. વેઈટલોસ માટે પણ તે બેસ્ટ છે ખારેકના આગમનથી જ તેની ખરીદી ચાલુ થઈ ગઈ છે. તેનો સ્વાદ મીઠો હોવાથી શહેરીજનો આખી સિઝન દરમિયાન તેનું સેવન કરવાનું પસંદ કરે છે.

નવા સેક્ટરોમાં સતત ત્રીજા વર્ષે પ્રેરણા બાળ રથયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં અગામી તારીખ ૧લી જુલાઈ શુક્રવારે અષાઢી બીજના તહેવારે નવા સેક્ટરોના વસાહતીઓને લાભ મળે તે નિમિત્તે સતત ત્રીજા વર્ષે ન્યુ પ્રેરણા બાળ રથયાત્રા આ વર્ષે પણ ધામધૂમથી નીકળશે. સમિતિના અધ્યક્ષ કનૈયાલાલ પંડ્યાની અખબાર યાદીમાં જણાવ્યા અનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ નવા સેક્ટરોના રીંગ રોડ ફરતે સેક્ટર નં. ૨, ૩, ૪, પને આવરી લેતી આ રથયાત્રાનો સવારે ૭-૦૦ કલાકે શિવશક્તિ મંદિર સે.૫થી પ્રારંભ થશે તેની સાથે નવા સેક્ટરના પ્રસિદ્ધ મંદિરો અંબાજી મંદિર, મહાકાળી મંદિર, ખોડીયાર મંદિર, ઓમકારેશ્વર મંદિર, એસ.એસ.વી. કેમ્પસ, સે. ૩-ન્યુ. એકતા ચોક સહિત નવા સેક્ટરોના વસાહતીઓને ભગવાન જગન્નાથજી દર્શનનો લહાવો આપશે આ રથયાત્રામાં ધાર્મિક અને વસાહત મંડળોના ટેબ્લો પણ જોડાશે નવા સેક્ટરોની ધર્મ પ્રેમી જનતાને રથયાત્રાના દર્શનનો લહાવો લેવા તેમજ ટેબ્લો સ્વરૂપે જોડાવા સમિતિના અધ્યક્ષ કનૈયાલાલ પંડ્યા, વસાહત મહાસંઘના તેમજ રથયાત્રા સમિતિના પ્રમુખ કેસરીસિંહ બિહોલા, મહામંત્રી જયેશભાઈ આગજા ઉપર પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા અને હિમાંશુ ભચેચે નવા સેક્ટરોના વસાહતી ભાઈઓ બહેનોને હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

ડૉકટર શ્યામા પ્રસાદ મુખરજીની પુણ્યતિથિ એ સેકટર-૧૪ના યોગ મહિલા ગ્રુપ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપીને સામર્થ્યવાન બનાવવા ગુજરાત સરકાર દ્વારા આયોજીત 'શાળા પ્રવેશોત્સવ-૨૦૨૨' અંતર્ગત ગાંધીનગર શહેરી વિસ્તારમાં પ્રાથમિક શાળા સેકટર-૧૬ મુકામે ગાંધીનગર મહાનગર પાલિકા મેયર હિતેશભાઈ મકવાણા, કાઉન્સિલર ગૌરાંગભાઈ વ્યાસ, નગરસેવિકા હેમાબેન ભટ્ટ એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શિક્ષણ ઉપયોગી સ્ટેશનરી આપીને પ્રવેશોત્સવની ઉજવણી કરી હતી. અને બાળકોને અભ્યાસમાં સારી કારકિર્દીના આશીર્વાદ આપ્યા હતા.

સરકારી પ્રાથમિક શાળા સેક્ટર ૨ ગાંધીનગર ખાતે ૨૩ જૂને શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો જેમાં રાજ્ય કક્ષાના ડી જી પી આર.બી બ્રહ્મભટ્ટ તથા વિભાગના ડો. હરેશભાઈ પટેલ , ચિલ્ડ્રન યુનિવર્સિટી માંથી સંજયભાઈ પટેલ તથા ક્રિષ્નાબેન વિકેર ના સભ્યો ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિ મનોજભાઈ જોશી સોચ સંસ્થાના જયાબેન તથા શાસક પક્ષના અગ્રણીઓ તથા એસ.એમ.સી.ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.ધોરણ ૩ થી ૮ ના શ્રેષ્ઠ બાળકોને ઇનામ વિતરણ તથા ધોરણ એક ના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. વિ કેર ફાઉન્ડેશન તરફથી શાળાના બાળકોને ગણવેશ તથા શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી કાર્યક્રમનું આયોજન ખૂબ સુંદર રીતે થયું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું શાળાના આચાર્ય મીનાક્ષીબેન કે. જોશી એ આ પ્રસંગે આભાર વ્યક્ત કર્યો હતો.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ઠાકોર ગણપતજી વરૂજી,** ઉ.વ. ૩૨, ડભોડા
- **સ્વ. રસાણિયા સુભાષચંદ્ર પ્યારેલાલ,** ઉ.વ. ૭૩, સેકટર-૨૭
- **સ્વ. પટેલ જગદીશભાઈ કાળીદાસ,** ઉ.વ. ૪૪, દેલવાડ, માણસા
- **સ્વ. બાવરી અમરત દેવરાજ,** ઉ.વ. ૦૩, સેકટર-૧૬, છાપરાં

ભાજપ તાલુકા યુવા મોરચાનો બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

આજરોજ ગાંધીનગર તાલુકાના સાદરા ગામે ગાંધીનગર તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કુલ ૨૫ બોટલ બ્લડ એકત્ર થયું હતું અને બ્લડ એકત્ર કરવાની સેવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા પુરી પાડવામાં આવી હતી.

ગાંધીનગર તાલુકા યુવામોરચા દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં ગાંધીનગર જિલ્લા યુવા મોરચાના પ્રમુખ વિજેન્દ્રસિંહે વાઘેલા, મહામંત્રી જૈમિનભાઈ પટેલ ગાંધીનગર તાલુકા મંડલના મહામંત્રી લાલભાઈ દેસાઈ તેમજ ગાંધીનગર તાલુકા યુવામોરચાના પ્રમુખ આશિકભાઈ પટેલ તેમજ યુવા મોરચાના પદાધિકારીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'સંગીત મન કો પંખ લગાએ...' સ્મિત મ્યુઝિક દ્વારા વિશ્વ સંગીત દિવસની સંધ્યાએ સંગીતમય ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

વિશ્વ સંગીત દિવસ એ દર વર્ષે ૨૧ જૂનના રોજ ઉજવાય છે. છેલ્લા આઠ વર્ષથી વિશ્વ યોગ દિવસની લહેરમાં વિશ્વ સંગીત દિવસ તણાઈ ગયો છે. ગાંધીનગરની સ્મિત મ્યુઝિક સંસ્થા દ્વારા સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે વિશ્વ સંગીત દિવસની સંગીતમય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ અને ત્યારબાદ પ્રજાપીતા બ્રહ્માકુમારી કૈલાસદીદી, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, કોર્પોરેટર પદમસિંહ ચૌહાણ, ભૂમિકા સિન્હા અને ભરત ગક્કર દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.

વિશ્વ સંગીત દિવસની સંધ્યાએ ચિરાગ સોની ઓર્કેસ્ટ્રા દ્વારા વૈવિધ્યસભર ગીતોને સંગીત આપવામાં આવ્યું હતું. આ ઓર્કેસ્ટ્રા સાથે જ્યોતિ ગક્કર, ભરત ગક્કર, હસમુખ શાહ, ધર્મેન્દ્ર પંચાલ, રિઝવાનખાન, જીગર મેવાડા, પરેશ ત્રિવેદી, ભરત પંડ્યા, હિના પંડિત, રોહિત, સતુભા, ચેતના ગક્કર, ધર્મેન્દ્ર ગક્કર, ઋષિરાજ વગેરે ગાયકોએ હિન્દી ગુજરાતી ગીતો પ્રસ્તુત કર્યા હતાં. કાર્યક્રમનું સંચાલન બિજય તિવારી અને જ્યોતિ ગક્કરે કર્યું હતું. આ પ્રસંગે મનીષ સાંઘાણી, મયૂર બાબા, વાસુદેવ પટેલ, યશપાલ સિન્હા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ સંગીત દિવસની સંગીતમય શુભકામનાઓ પાઠવી મધુરા ગીતો પ્રસ્તુત કરી આ આખો કાર્યક્રમ યોજાયો હતો.

સ્મિત મ્યુઝિક દ્વારા સુગમગીત ગઝલ સંધ્યાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

સ્મિત મ્યુઝિકની આગામી ગુજરાતી લોકગીત સુગમ ગીત ગઝલ સંધ્યા યોજાનાર છે. જેમાં શહેરના ખાસ યુવાધન એટલે કે ૨૦ થી ૪૦ વર્ષના યુવા કલાકારોને તેમની કુશળતા પારખી લ્હાવો અપાશે, રસ ધરાવતા ઉત્સુક કલાકાર ભાઈઓ બહેનોને ૨૬ જૂન સુધીમાં મો. ૯૬૬૨૦૨૩૧૩૫ ઉપર વોટસએપથી નોમિનેશન કરાવા જણાવાયું છે.

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાના પ્રોજેકટ હેઠળ ઠેર ઠેર વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. પાણીની નવી પાઈપલાઈન અને ગટર વ્યવસ્થાનું કામ ચાલી રહ્યું છે. ચ-૫ સર્કલ નજીક છેલ્લા ઘણા સમયથી આ કાર્ય ચાલી રહ્યું છે જે ચોમાસું શરૂ થવા છતાં પુરું થયું નથી. વધુ વરસાદ પડશે ત્યારે અહીં ભૂવા પડવા જેવી સમસ્યાઓ સર્જાવવાનો ભય છે.

આજે સે-૨૮ બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૪

બ્રહ્માકુમારીઝ સેકટર-૨૮, ગાંધીનગર ખાતે અનોખા વૃક્ષારોપણ અભિયાનનું આયોજન ૨૫ જૂન શનિવાર સાંજે ૫.૦૦ કલાકે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, સિનિયર રાજયોગા ટીચર, માઉન્ટ આબુ રાજયોગીની ઉષાદીદીજી, બ્રહ્માકુમારીઝ મણીનગર સબઝોન સંચાલિકા બી.કે.નેહાબેન, ગાંધીનગર સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગીની કૈલાશદીદીજી સહિત વિવિધ રાજકીય મહાનુભાવો, બ્રહ્માકુમારી સેન્ટરના ભાઈ-બહેનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેનાર છે.

૫ જૂન થી ૨૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધીના ૭૫ દિવસ દરમ્યાન બ્રહ્માકુમારીઝ દ્વારા સમગ્ર દેશમાં ૪૦ લાખ અને ગુજરાતમાં ૬ લાખ વૃક્ષો વાવી તેને મોબાઈલ એપ્પ પર રજિસ્ટર્ડ કરી ઓછામાં ઓછું ૭૫ દિવસ જતન કરવાનો આ વિશિષ્ટ પ્રોજેકટ 'કલ્પતરૂહ' છે. જે અંતર્ગત મુખ્યમંત્રી વૃક્ષારોપણ થકી આ પ્રોજેકટમાં સહભાગી બનશે.

એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં 'હેપ્પીનેસ સેશન'ની ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં 'હેપ્પીનેસ સેશન'ની ઉજવણી કરવામાં આવી હતી. શૈક્ષણિક પ્રણાલીમાં ખુશી એ મહત્વની ચાવી છે. વિદ્યાર્થીઓ માટે હેપ્પીનેસ ને અભ્યાસક્રમ ના ભાગરૂપે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. હેપ્પીનેસ એ શાળાઓ ના બાળકો માટેનો શૈક્ષણિક કાર્યક્રમ છે. શાળાના બાળકોને ખુશખુશાલ રાખવા ના હેતુથી એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં વિવિધ પ્રકારની એક્ટિવિટી જેવી કે બાળકોને મનગમતી ગેમ ડાન્સ, ગાયન તેમની મહત્વકાંક્ષાઓ, મુવી ટાઈમ વગેરે દ્વારા બાળકોને ખુશ રહેવા શીખવવામાં આવ્યું હતું અને ખુશ રહી દરેક પરિસ્થિતિનો સામનો કરી આપણે ધ્યેય સુધી કઈ રીતે પહોંચી શકીએ છીએ તે સમજાવવામાં આવ્યું હતું.

કે.કે. પટેલ વિદ્યાલય ખાતે યોગ દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સવારના ૫.૩૦ કલાકે શાળાનાં તમામ વિદ્યાર્થીઓ માધ્યમિક, ઉચ્ચતર-માધ્યમિકના કુલ આશરે ૪૧૦ જેટલા વિદ્યાર્થીઓએ યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોગ-નિદર્શન કર્યું હતું. શાળાના આચાર્ય, સમગ્ર સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાનાં સીનીયર શિક્ષક પટેલ નારાયણભાઈએ યોગ કરાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાનાં આચાર્ય ભાવાનાબા વાઘેલાનાં માર્ગદર્શનથી ઉજવવામાં આવ્યો હતો. શાળાનાં સેવક પટેલ મુકેશભાઈ તરફથી શાળાનાં તમામ વિદ્યાર્થીઓને અલ્પાહાર સ્વરૂપ કેળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

એસ.કે. પટેલમાં રિસર્ચ ટ્રેનીંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

એસ. કે.પટેલ કેજી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ૬ જૂનથી ૯ જૂન દરમિયાન ટિચર્સ ટ્રેનિગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કડી ગાંધીનગર એસ.વી.કેએમના પ્રિન્સિપાલ દ્વારા અલગ- અલગ ટોપિક પર શિક્ષિકાઓને ટ્રેનીગ આપવામાં આવી હતી. જેમાં ચાઈલ્ડ ડેવલોપમેન્ટ, ટીમ વર્ક, ક્રિએટિવ ટીચીગ, લર્નિંગ ડિસએબિલિટી ઈન સ્ટુડન્ટ્સ જેવા વિષય પર ખૂબ જ સારી સમજણ આપવામાં આવી હતી.

શ્રી પંચેશ્વર મંદિરના પ્રથમ પાટોત્સવનું આયોજન ૨૩ જૂને ગુરુવારે કરવામાં આવ્યું હતું. જેમાં મંગળા આરતી, નવચંડી યજ્ઞ, અન્નકૂટ, ધ્વજા આરોહણ, મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ભકતો ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી

કાલુભાઈ એમ દેસાઈ
એડવોકેટ
મો. ૯૮૭૯૪ ૭૧૦૩૭

ઉમાંગી વિનોદ રાઠોડ
મો. ૯૪૨૬૨ ૭૯૪૧૯

કિશનભાઈ રાવત
મો. ૯૮૨૪૬ ૫૫૫૧૧

લલીતાબેન ચીમનભાઈ સોલંકી
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬

દર્શન પટેલ
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬

યાદવ ગ્રીષ્મા વિનુભાઈ

બ્રીજેશ દિપકભાઈ પરમાર
મો. ૭૩૮૩૭ ૧૬૬૧૩

રવિવારે ત્રિદલની માસિક બેઠક

ગાંધીનગર, તા.૨૪

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા 'ત્રિદલ'ના ઉપકમે જૂન માસની બેઠક તા.૨૬ જૂન, ૨૦૨૨ને ચોથા રવિવારે સાંજે ૫.૦૦ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન ખાતે સે-૨૧ ખાતે મળશે.

લય અને લાગણીના કવિ બાબુભાઈ નાયક તેઓની સ્વરચિત ગીતરચનાઓ રજૂ કરશે. ઉપસ્થિત સાહિત્ય સર્જકો પણ પોતાની એક રચના પ્રસ્તુત કરશે.